જન્મદિને વધામણી

ભરત કવિ
(સાહિત્કાર)
મો. ૯૮૨૫૩ ૬૫૫૮૫

મંગળભાઈ જે. શાહ
(ડાયરેક્ટર - તપોવન સંસ્કાર પીઠ)
મો. ૯૪૨૯૨૨૦૮૦૯

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
- સંપાદક

સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સીટી દ્વારા

શેરથામાં સડક સુરક્ષા હેતુ રેલી

ગાંધીનગર, તા. ૯

રાષ્ટ્રીય સડક સુરક્ષા સમાહ નિમિતે ગુરુવારના રોજ અડાલજ - કલોલ હાઈવે ઉપર આવેલ શેરથા ગામમાં અડાલજ ટોલ પ્લાઝાના કર્મચારીઓ અને સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સીટી, ગાંધીનગરના વિદ્યાર્થીઓ તથા સ્ટાફ દ્વારા સડક સુરક્ષાની જાગૃતિ માટે શેરથા ગામમાં મહા રેલીનું આયોજન કરેલ હતું. જેનું ગામના યુવાન સરપંચ ગુલાબજી ઠાકોર દ્વારા લીલી ઝંડી દર્શાવી રેલીનું પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું. આ રેલી યોજવા પાછળનો મુખ્ય હેતુ, હાઈવે પર થતા અકસ્માતોના મુખ્ય કારણો વિષે લોકો ને જાણકરી આપવાનો અને સલામતી રાખીને અકસ્માતઓ ને નિવારવા માટે નો હતો. હેલ્મેટ પહેરવી, ચાલુ વાહને મોબાઈલ ફોનનો ઉપયોગ ના કરવો, ટ્રાફિક સિગ્નલનું પાલન કરવું જેવી બાબતો અંગે નાગરિકોને અપીલ કરવામાં આવી હતી.

બાળકોના સર્વાંગી વિકાસના ધ્યેય સાથે ગાંધીનગરમાં

આજે ગાંધીનગર ચિલ્ડ્રન ક્લબનો પ્રારંભ થશે

ગાંધીનગર, તા. ૯

બાળકોનાં સર્વાંગી વિકાસના ધ્યેય સાથે ગાંધીનગરમાં વસંત પંચમીથી ગાંધીનગર ચિલ્ડ્રન ક્લબની શરૂઆત થઈ રહી છે.

આ અંગેની માહિતી આપતાં ક્લબના સ્થાપક કુંતલ નિમાવતે જણાવ્યું છે કે છેલ્લાં ૧૮ વર્ષથી કલા અને સેવા ક્ષેત્રે રત ગાંધીનગરનું રજિસ્ટર્ડ ચૅરિટેબલ ટ્રસ્ટ ધ ગ્રેટ ઍન્ટરટેઇનર્સ ક્લબ (જી ઈ ક્લબ) બાળકો અને યુવાઓ સાથે કામ કરવાનો બહોળો અનુભવ ધરાવે છે. કલા વિષયક તાલીમ અને કલાકારોના સ્ટેજ પરફોર્મન્સ બાબતમાં તે નગરની અગ્રણી સંસ્થા છે.

સંસ્થા પોતાના આ લાંબા અનુભવના નિચોડરૂપે નગરનાં પ્રવૃત્તિશીલ વ્યક્તિવિશેષો અને ઍસઍસવી સ્કૂલ જેવી સંસ્થાના સહયોગથી હવે ગાંધીનગર ચિલ્ડ્રન ક્લબનો આરંભ કરી રહી છે. ચિલ્ડ્રન ક્લબ એ એવી સંસ્થા છે, જેમાં માત્ર બાળકો જ સભ્ય છે અને વર્ષભર તેમના સર્વાંગી વ્યક્તિત્વ વિકાસ માટે સંસ્થા દ્વારા પ્રયાસો કરવામાં આવશે. વર્ષ દરમિયાન બાળકોને બે પ્રવાસ અને ત્રણ સ્ટેજ કાર્યક્રમોની ભેટ પણ સંસ્થા દ્વારા ધરવામાં આવશે, જે પૈકી એક કાર્યક્રમ સંસ્થાનાં સભ્ય બાળકો પોતે પરફોર્મ કરશે.

રવિવાર, તા. ૧૦ ફેબ્રુઆરીના રોજ સવારે ૯.૩૦ ગાંધીનગર ચિલ્ડ્રન ક્લબનો ઉદ્ઘાટન સમારોહ ઍસઍસવી સ્કૂલ, સૅક્ટર-૩ બી, ગાંધીનગર ખાતે યોજાઈ રહ્યો છે. આ સમારોહમાં ઉદ્ઘાટક તરીકે ઍસઍસવી સ્કૂલના ટ્રસ્ટી ચીમનભાઈ વી પટેલ અને ઍડવોકેટ અશ્વિન ત્રિવેદી ઉપસ્થિત રહેશે. બાળકોની સંસ્થાની શરૂઆત હોવાથી અતિથિઓ તરીકે પ્રતિભાશાળી બાળકોને જ નિમંત્રણ આપવામાં આવ્યું છે. આવા બાળઅતિથિ તરીકે સમારોહમાં રાષ્ટ્રકક્ષાની ડાન્સ સ્કેટ સ્પર્ધાના વિજેતા મેઘ રાવલ, રાજ્ય બાળ પ્રતિભા શોધ સ્પર્ધાના વિજેતા હેત ભટ્ટ અને આંતરરાષ્ટ્રીય કક્ષાના રમતોત્સવમાં ભાગ લઈ ચૂકેલાં મનોદિવ્યાંગ ખેલાડી પૂજા સોની ઉપસ્થિત રહેશે. ઉદ્ઘાટન સમારોહ બાદ સભ્ય બાળકો માટે રમતોનું આયોજન કરવામાં આવ્યું છે, જે દરમિયાન વાલીઓ સાથે સંસ્થાના હોદેદારો ગુફ્તગૂ કરશે.

બાળ પ્રવૃત્તિમાં રસ ધરાવતાં સૌ નગરજનોને આ પ્રસંગે ઉપસ્થિત રહેવા ગાંધીનગર ચિલ્ડ્રન ક્લબ તરફથી આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

શ્રી સ્વામીનારાયણ ઈન્સ્ટીટ્યુટ ઓફ ટેકનોલોજી ખાતે સોલાર વાનનું નિદર્શન

શ્રી સ્વામીનારાયણ ઈન્સ્ટીટ્યુટ ઓફ ટેકનોલોજી, ભાટ અને ગુજરાત એનર્જી ડેવલપમેન્ટ એજન્સી, ગુજરાત સરકારના સંયુક્ત ઉપક્રમે સોલાર વાનનું નિદર્શન ઈન્સ્ટીટ્યુટ ખાતે ગોઠવવામાં આવ્યું હતું. જેડા ઈલેક્ટ્રોનિક્સ એન્ડ ક્વોલિટી ડેવલપમેન્ટ સેન્ટર અને ટેકનીકલ એક્સપર્ટ દ્વારા ઈજનેરીના વિદ્યાર્થીઓને સૂર્ય ઊર્જા અને પંપ ડેમોન્સ્ટ્રેશન કિટ દ્વારા ટૅકનીકલી અવગત કરાવવામાં આવ્યા હતા તથા વિન્ડ ફાર્મ, લઘુ સહાય યોજના, બેટરી ઓપરેટેડ દ્વિચક્રિય વાહન, બેટરી ઓપરેટેડ ત્રિચક્રિય વાહન અંગે લાઈવ ડેમો તેમને આપવામાં આવ્યો હતો.

આદિશ્વર કૉલેજ ઑફ ટેકનોલૉજી દ્વારા અદાણી ફાઉન્ડેશનની મુલાકાત

ગાંધીનગર, તા. ૯

સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટી, ગાંધીનગરની આદિશ્વર કોલેજ ઓફ ટેક્નોલોજી - વિનસ ના સિવિલ એન્જિનિરીંગ શાખાના ૩૮ વિદ્યાર્થીઓ એ અદાણી ફાઉન્ડેશન (ઉડાન પ્રોજેક્ટ અંતર્ગત) અદાણી પોર્ટ, મુન્દ્રા,અદાણી પાવર પ્લાન્ટ અને અદાણી વિલમાર ઓઈલ રિફાઈનરી)ની બે દિવસીય શૈક્ષણિક મુલાકાત તા. ૦૬ અને ૦૭ ફેબ્રુઆરી,૨૦૧૯ના રોજ કરી હતી. આ મુલાકાત નો મુખ્ય હેતુ પોર્ટ પરની થતી રોજની કામગીરી, અલગ અલગ વસ્તુઓની આયાત અને નિકાસ, કસ્ટમ મંજૂરી, તેમાં ઉપયોગ માં લેવાતી અદ્યતન ટેક્નોલોજી તેમ જ વિવિધ પ્રકારના વિભાગોના અભ્યાસ કરવાનો અને વિદ્યાર્થીઓ ને પ્રેક્ટિકલ જ્ઞાન મળે તે માટેનો હતો. આદિશ્વર કોલેજ ઓફ ટેક્નોલોજી - વિનસના આસિસીસ્ટન્ટ પ્રોફેસર કાર્તિક ઝાલા એ જણાવ્યું હતું કે, 'આ શૈક્ષણિક મુલાકાત દ્વારા વિદ્યાર્થીઓને પોર્ટ, રિફાઈનરી ઓઈલ અને પાવર પ્લાન્ટ જેવા મહત્વના ક્ષેત્રની જરૂરી જાણકારી મળી હતી. વિદ્યાર્થીઓ આ મુલાકાતનો એક અહેવાલ રજૂ કરશે જેમાં તેઓ એ કઈ કઈ વસ્તુ વિષે માહિતી મેળવી તે અંગેની રજુઆત પણ કરશે.'

ગાંધીનગર, તા. ૯

શ્રી મોહનલાલ પટેલ સાહિત્ય વર્તુળ ફેકલ્ટી ઓફ એજ્યુકેશન, સૅક્ટર-૨૩ દ્વારા વિદ્યાર્થીઓ સાહિત્યના લુપ્ત થઈ રહેલાં સ્વરૂપોથી પરિચિત થાય તે હેતુથી શુક્રવારે લગ્નગીત-લોકગીત સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં વિવિધ શાળા-કૉલેજના વિદ્યાર્થીઓએ ભાગ લઈ જાણીતાં લગ્નગીત-લોકગીતોની સુંદર રજૂઆત કરી હતી.

આર એચ પટેલ ઈંગ્લિશ મીડિયમ બીઍડ કૉલેજની વિદ્યાર્થિની તેજસ્વિની અને શ્રીમતી આર જી કન્યા વિદ્યાલયની વિદ્યાર્થિની ઈશિતા વ્યાસ આ સ્પર્ધામાં વિજેતા બન્યાં હતાં. નિર્ણાયક તરીકે જિજ્ઞેશ શુક્લ અને નેહા જાનીએ પોતાની સેવાઓ આપી હતી.

કૅમ્પસ ડિરેક્ટર ડૉ. સોમભાઈ પટેલ અને ડૉ. આર જે વ્યાસ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના અંત ભાગમાં આભાર દર્શન પ્રૉ. નરેન્દ્રભાઈ નાયી દ્વારા કરવામાં આવ્યું હતું.

ત્રિગુણાત્મક બાબતોમાં મહાશક્તિ, મહાલક્ષ્મી, મહાસરસ્વતીની વેદકાળથી ગણના થાય છે

પ્રસંગસર
- પી એમ પરમાર

બ્રહ્મા, વિષ્ણુ, મહેશ - બ્રહ્માંડના આદિદેવ છે. સત્ત્વ, રજ, તમ - ત્રિગુણાત્મક પ્રકૃતિ (સ્વભાવ) છે. ગંગા, યમુના, સરસ્વતી - ત્રિવેણી સંગમ છે. જાગૃત, સુષુપ્ત સ્વપ્ન એ ત્રણ અવસ્થા છે. પુરક, કુંભક, રેચક ત્રણ યોગ પ્રક્રિયા છે. સત્યમ, શિવમ્, સુંદરમ એ કલ્યાણસૂત્ર છે. ૐ તત સત એ બ્રહ્મવાક્ય છે. બસ કંઈક આ જ રીતે ત્રિગુણાત્મક બાબતોમાં મહાશક્તિ, મહાલક્ષ્મી, મહાસરસ્વતીની વેદકાળથી ત્રણ અગ્રગણ્ય મહાદેવીઓમાં ગણના થાય છે.

આદ્યશક્તિ જગતજનની જગદંબા આપણને શક્તિ, બળ, વીરતા, મહાલક્ષ્મી ધનસંપત્તિ, ધનધાન્ય અને મહાસરસ્વતી વિદ્યા સંસ્કાર, સદ્બુદ્ધિ, જ્ઞાન પ્રદાન કરે છે. ધન, બળ, જ્ઞાન માનવજીવનનાં નિતાંત આવશ્યક પરિબળો છે એટલે જ આપણા ઋષિમુનિઓએ આ ત્રણ મહાદેવીઓની સાધના, આરાધના, પૂજા-અર્ચના માટે એક ખાસ સમય નિર્ધારિત કર્યો છે.

મહા, ચૈત્ર અને આસો માસની નવરાત્રીમાં આદ્યશક્તિની સળંગ નવ દિવસ, ધનતેરસ, દિવાળી પર્વમાં મહાલક્ષ્મીની સેવાપૂજા અને લાભપાંચમ, વસંતપંચમીએ મહાસરસ્વતીજીની ખાસ વિધિસર પૂજા થાય છે. આજે વસંતપંચમી છે, આવો એ વિશ્વવ્યાપિની, વાગ્દેવી, વિદ્યાદેવી, વીણાધારિણી મા શારદા-સરસ્વતીજીની સ્તુતિ કરી ધન્યતાનો અનુભવ કરીએ.

યા કુંદ ઈન્દુ તુષાર હાર ધવલા, યા શુભ વસ્ત્રાવૃતા,
યા વીણા વર દંડ મંડિત કરા, યા શ્વેત પદ્માસના.
યા બ્રહ્મા અચ્યુત શંકર પ્રભુતિભિઃ, દૈવે સદા વંદિતા,
સા મામ્ પાતુ સરસ્વતી ભગવતી, નિઃશેષ જાડ્યાપહા.

'જે મોગરો, ચંદ્ર, ઝાકળ અને મોતીઓના ઉજ્જવલ હાર સમાન ગૌરવ વર્ણનાં છે, જેમણે સફેદ વસ્ત્રો પરિધાન કર્યાં છે, જેમના હાથ વીણારૂપી છડીથી સુશોભિત છે, જે શ્વેત કમળ ઉપર બિરાજમાન છે, બ્રહ્મા, વિષ્ણુ, મહેશ અને સમસ્ત દેવીદેવતાગણ સદાકાળ જેમની સ્તુતિ કરીને વંદન કરે છે એવાં એ મા સરસ્વતી ભગવતી, આ મારું અજ્ઞાન દૂરક રી અમારી રક્ષા કરો.

પ્રાર્થનાનો વાચ્યાર્થ સ્વસંસ્પષ્ટ છે પણ ભાવાર્થ ગૂઢાર્થમાં જઈએ તો સુંદર પ્રતીકો પોતીકો અર્થ પ્રદાન કરે છે.

મોગરો સફેદ છે, સુવાસિત છે, જે મુક્તિનું પ્રતીકબની આપણો માર્ગ મોકળો કરી આપે છે.

ચંદ્ર શીતળતા આપે છે, જેનો અહીં અર્થ છે કે આપણે પણ કોઈને શીતળતા બક્ષવાનું નિમિત્ત બનીએ.

બીજી પંક્તિમાં વીણા છે, જે સંગીતનું પ્રતીક છે, જે સૂચવે છે કે સૌનું જીવન સંગીત બની રહો.

ત્રીજી પંક્તિમાં મા સરસ્વતીને ગરિમા સાથે ગૌરવ આપવામાં આવ્યું છે.

ચોથી પંક્તિમાં પ્રાર્થના છે : હે મા સરસ્વતી ભગવતી! અમારું અજ્ઞાન દૂરકરી અમારી રક્ષા કરો. ઊંડા અંધારેથી પરમ તેજમાં જવાની અહીં વાત છે.

મા સરસ્વતીજીની છબિ વગર આપણે ત્યાં ભાગ્યે જ કોઈ શાળા, મહાવિદ્યાલય, ઘર, પુસ્તકાલય હશે. પીંછાંથીત મોર શોભે છે, ટહુકાથી કોયલ, વરસાદથી વાદળ, પદથી માણસ, સુવાસથી પુષ્પ, પાંદડાંથી પીપળો, જ્ઞાનથી ગુરુ શોભે છે તેમ આ આખું જગત મા સરસ્વતી થકી શોભે છે એમાં કોઈ અતિશયોક્તિ નથી.

શ્રી પી કે ચૌધરી આર્ટ્સ કૉલેજ ખાતે 'બેટી બચાવો' વિષયે વ્યાખ્યાન યોજાયું

ગાંધીનગર, તા. ૭

શ્રી પી કે ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજનાં પ્રિન્સિપાલ ડૉ. ઍમ ઍમ ચૌધરીના માર્ગદર્શન હેઠળ 'બેટી બચાવો અભિયાન' અને કુપોષણ, સગર્ભવસ્થા, અંધશ્રદ્ધા જેવા વિષયે આઈસીટીના ઉપયોગ દ્વારા વ્યાખ્યાન યોજવામાં આવ્યું હતું.

નારદીપુર ગ્રામ વિદ્યાપીઠમાં ચાલતા હોમ સાયન્સના અધ્યાપક પ્રૉ. રાજેશભાઈ પટેલ અને પ્રૉ. મંજુલાબેન પાંડવીએ આઈસીટીના ઉપયોગ દ્વારા વ્યાખ્યાન આપ્યું હતું. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન ડૉ. સજ્જનબેન ચૌધરી દ્વારા કરવામાં આવ્યું હતું.

ગાંધીજીની પાઘડી

નાતાલનું બંદર ડરબન કહેવાય છે અને નાતાલ બંદરને નામે પણ ઓળખાય છે. મને લેવાને અબદુલ્લા શેઠ આવ્યા હતા. સ્ટીમર ડક્કામાં આવી અને નાતાલના લોકો સ્ટીમર ઉપર પોતાના મિત્રોને લેવા આવ્યા ત્યાં જ હું સમજી ગયો કે અહીં હિંદીઓને બહુ માન નથી, અબદુલ્લા શેઠને ઓળખનારા જે પ્રમાણે તેમની સાથે વર્તતા હતા તેમાંય એક પ્રકારની તોછડાઈ હું જોઈ શકતો હતો, જે મને ડંખતી હતી. અબદુલ્લા શેઠને આ તોછડાઈ સદી ગઈ હતી. મને જેઓ જોતા હતા તે કંઈક કુતૂહલથી નિહાળતા હતા. મારા પોશકથી હું બીજા હિંદીઓમાંથી કંઈક તરી આવતો હતો. મેં તે વેળા 'ફ્રૉકકોટ' વગેરે પહેર્યાં હતાં અને માથે બંગાળી ઘાટની પાઘડી પહેરી હતી.

મને ઘેર લઈ ગયા. પોતાની કોટડીની પડખે એક કોટડી હતી તે મને અબદુલ્લા શેઠે આપી. તે મને ન સમજે, હું તેમને ન સમજું. તેમના ભાઈએ અપેલાં કાગાળિયાં તેમણે વાંચ્યાંને વધારે ગભરાયા. તેમને લાગ્યું કે ભાઈએ તો તેમને સફેદ હાથી બાંધ્યો. મારી સાહેબશાઈ રહેણી તેમને ખર્ચાળ લાગી. મારે સારુ ખાસ કામ તે વખતે નહોતું. તેમનો કેસ તો ટ્રાન્સવાલમાં ચાલતો હતો. તુરત મને ત્યાં મોકલીને શું કરે? વળી મારી હોશિયારીનો કે પ્રમાણિકપણાનો વિશ્વાસ પણ કેટલી હદ સુધી કરાય? પ્રિટોરિયામાં પોતે મારી સાથે હોય જ નહીં. પ્રતિવાદી પ્રિટોરિયામાં જ હોય. તેની મારા ઉપર આયોગ્ય અસર થાય તો? જો મને આ કેસનું કામ ન સોંપે તો બીજું કામ તો તેમના મહેતા મારા કરતાં ઘણું સારું કરી શકે. મહેતા ભૂલ કરે તો તેને ઠપકો દેવાય. હું ભૂલ કરું તો ? કાં તો કેસનું, કાં તો મહેતાગીરીનું આ ઉપરાંત ત્રીજું કામ ન મળે. એટલે, જો કેસનું કામ ન સોંપાય તો મને ઘેર બેઠા ખવડાવવું રહ્યું.

અબદુલ્લા શેઠનું અક્ષરજ્ઞાન ઘણું ઓછું હતું, પણ અનુભવજ્ઞાન પુષ્કળ હતું. તેમની બુદ્ધિ તીવ્ર હતી. અને એ વાતનું તેમને પોતાને ભાન હતું. અંગ્રેજી જ્ઞાન કેવળ વાતચીત પૂરતું મહાવરાથી મેળવી લીધું હતું. પણ એવા અંગ્રેજી મારફત પોતાનું બધું કામ ઉકેલી શકતા. બૅંકના મૅનેજરો સાથે વાતો કરે, યુરોપિયન વેપારીઓ સાથે સોદા કરી આવે, વકીલોને પોતાનો કેસ સમજાવી શકે. હિંદીઓમાં તેમનું માન ખૂબ હતું. તેમની પેઢી તે વેળા બધી હિંદી પેઢીઓમાં મોટી હતી. અથવા મોટીમાંની એક તો હતી જ. તેમની પ્રકૃતિ વહેમી હતી.

તેમને ઈસ્લામનું અભિમાન હતું. તત્વ જ્ઞાનની વાતોનો શોખ રાખતા. અરબી ન આવાડતું , છતાં કુરાન શરીફની અને સામાન્ય રીતે ઈસ્લામી ધર્મ સાહિત્યની માહિતી સારી ગણાય. દ્રષ્ટાંતો તો હાજર જ હોય. તેમના સહવાસથી મને ઈસ્લામનું વ્યવહારિક જ્ઞાન ઠીક મળ્યું. અમે એક બીજાને ઓળખાતા થયા ત્યાર પછી તે મારી સાથે ધર્મચર્ચા પુષ્કળ કરતા.

બીજે કે ત્રીજે દિવસે મને ડરબનની કોર્ટ જોવાને લઈ ગયા. ત્યાં કેટલીક ઓળખાણો કરાવી. કોર્ટમાં પોતાના વકીલની પાસે મને બેસડ્યો. મૅજિસ્ટ્રેટ મારી સામું જોયા કરે. તેણે મને મારી પાઘડી ઉતારવા કહ્યું. મેં તે ઉતારવાની ના પાડી, ને કોર્ટ છોડી.

મારે નસીબે તો અહીં પણ લડાઈ જ હતી.

પાઘડી ઉતારવાનો ભેદ અબદુલ્લા શેઠે સમજાવ્યો. મુસલમાની પોશાક જેણે પહેર્યો હોય તે પોતાની મુસલમાની પાઘડી પહેરી શકે. બીજા હિંદીઓએ કોર્ટમાં દાખલ થતાં પોતાની પાઘડી ઉતારવી જોઈએ.

આ ઝીણો ભેદ સમજાવવા સારુ કેટલીક હકીકતમાં મારે ઊતરવું પડશે.

ગાંધીયાત્રા

મેં આ ત્રણ દિવસમાં જ જોઈ લીધું હતું કે હિંદીઓ પોતપોતાના વાડા રચીને બેસી ગયા હતા. એક ભાગ મુસલમાની વેપારીનો - તેઓ પોતાને 'અરબ'ને નામે ઓળખાવે. બીજો ભાગ હિંદુ કે પારસી મહેતાઓનો. હિંદુ મહેતા અદ્ધર લટકે. કોઈ 'અરબ'માં ભળે. પારસી પર્શિયન તરીકે ઓળખાવે. આ ત્રણને વેપારની બહારનો અરસપરસ સંબંધ ઓછાવત્તા પ્રમાણમાં ખરો. એક ચોથો ને મોટો વર્ગ તે તામિલ , તેલુગુને ઉત્તર તરફના ગિરમીટિયાનો અને ગિરમીટમુક્ત હિંદીઓનો. ગિરમીટ એટલે, જે કરાર કરીને પાંચ વર્ષની મજૂરી કરવા ગરીબ હિંદીઓ તે વેળા નાતાલ જતા તે કરાર અથવા 'એગ્રીમેન્ટ'. 'એગ્રીમેન્ટ'નું અપભ્રષ્ટ ગિરમીટ, અને તે ઉપરથી ગિરમીટિયા થયું. આ વર્ગની સાથે બીજાનો વ્યવહાર માત્ર કામ પૂરતો જ રહેતો. આ ગિરમીટિયાને અંગ્રેજો 'કુલી' તરીકે ઓળખે. અને તેમની સંખ્યા મોટી, તેથી બીજા હિંદીઓને પણ કુલી જ કહે.

કુલીને બદલે 'સામી' પણ કહે. 'સામી' એ ઘણાં તામિલ નામને છેડે આવતો પ્રત્યય. સામી એટલે સ્વામી. સ્વામી નો અર્થ તો ધણી થયો. તેથી કોઈ હિંદી સામી શબ્દથી ચિડાય ને તેનામાં કંઈ હિંમત હોય તો પેલા અંગ્રેજને કહે : 'તમે મને 'સામી' કહો છો, પણ જાણો છો કે 'સામી' એટલે 'ધણી'? હું કંઈ તમારો ધણી નથી' આવું સાંભળી કોઈ અંગ્રેજ શરમાય , ને કોઈ ખિજાય ને વધારે ગાળ દે અને ભલો હોય તો મારે પણ ખરો, કેમ કે તેને મન તો 'સામી' શબ્દ નિંદાસૂચક જ હોય. તેનો અર્થ ધણી કરવો તે તેનું અપમાન કર્યા બરોબર જ થયું.

તેથી હું 'કુલી બારિસ્ટર' જ કહેવાયો. વેપારીઓ 'કુલી વેપારી' કહેવાય. કુલીનો મૂળ અર્થ મજૂર એ તો ભુલાઈ ગયો. વેપારી આ શબ્દથી ગુસ્સે થાય ને કહે : ' હું કુલી નથી. હું તો અરબ છું,' અથવા 'હું વેપારી છું.' જરા વિનયી અંગ્રેજ હોય તો એવું સાંભળે ત્યારે માફી પણ માંગે.

આ સ્થિતીમાં પાઘડી પહેરવાનો પ્રશ્ન મોટો થઈ પડ્યો.પાઘડીએ ઉતારવી એટલે માનભંગ સહન કરવો. મેં તો વિચાર્યું કે હું હિંદુસ્તાની પાઘડીને રજા આપું અને અંગ્રેજી ટોપી પહેરું, જેથી તે ઉતારવામાં માનભંગ ન લાગે અને હું ઝઘડામાંથી બચી જાઉં.

અબદુલ્લા શેઠને એ સૂચના ન ગમી. તેમણે કહ્યું : ' જો તમે આ વેળા એવો ફેરફાર કરશો તો તેનો અનર્થ થશે. બીજાઆ દેશની જ પાઘડી પહેરવા માગતા હશે તેમની સ્થિતી કફોડી થશે, વળી, આપણી દેશની પાઘડી જ તમને તો દીપે. તમે અંગ્રેજી ટોપી પહેરશો તો તમે 'વેટર'માં ખપશો.'

આ વાક્યોમાં દુન્વયી ડહાપણ હતું, દેશાભિમાન હતું, ને કંઈક સાંકડાપણું પણ હતું. દુન્વયી ડહાપણ તો સ્પષ્ટ જ છે. દેશાભિમાન વિના પાઘડીનો આગ્રહ ન હોય. સાંકડાપણા વિના 'વેટર'ની ટીકા ન હોય. ગિરમીટિયા હિંદીમાં હિંદુ, મુસલમાન ને ખ્રિસ્તીઓ એવા ત્રણ ભાગ હતા. ખ્રિસ્તી તે, ગિરમીટિયા હિંદી જે ખ્રિસ્તી થયેલા તેની પ્રજા. આ સંખ્યા ૧૮૯૩માં પણ મોટી હતી. તેઓ બધાં અંગ્રેજી પોશાક જ પહેરે. તેમાંનો સારો ભાગ હોટેલોમાં નોકરી કરીને આજીવિકા પેદા કરે. આ ભાગને ઉદ્દેશીને અંગ્રેજી ટોપીની ટીકા અબદુલ્લા શેઠનાં વાક્યોમાં હતી. હોટેલમાં 'વેટર' તરીકે ખપવામાં હલકાઈ એ માન્યતા તેમાં રહેલી હતી. આજ પણ એ ભેદ તો ઘણાને વસે.

મને અબ્દુલ્લા શેઠની દલીલ એકંદર ગમી. મેં પાઘડીના કિસ્સા ઉપર મારા ને પાઘડીના બચાવનો કાગળ છાપામાં લખ્યો. છાપામાં મારી પાઘડીની ખૂબ ચર્ચા થઈ. 'અનવેલકમ વિઝિટર' - 'વણ નોતર્યો પરોણો' - એવા મથાળાથી હું છાપે ચઢ્યો, ને ત્રણ ચાર દિવસની અંદર જ, અનાયાસે, મને દક્ષિણ આફ્રિકામાં જાહેરાત મળી. કોઈએ મારો પક્ષ લીધો, કોઈએ મરી ઉદ્ધતાઈની ખૂબ નિંદા કરી.

મારી પાઘડી તો લગભગ છેવટ લગી રહી.

'સત્યના પ્રયોગો'માંથી સાભાર